# GUJARATI

# ગુજરાતી

## PAPER—III

## પ્રશ્નપત્ર—III

**NOTE:** This paper is of two hundred (200) marks containing four (4) sections. Candidates are required to attempt the questions contained in these sections according to the detailed instructions given therein.

સૂચના : આ પ્રશ્નપત્ર બસો (200) ગુણનું છે અને એમાં ચાર (4) વિભાગો છે. આ વિભાગોના પ્રશ્નોના ઉત્તર વિદ્યાર્થિઓએ એમાં આપેલી સૂચનાઓ અનુસાર આપવા.

www.examrace.com

## SECTION - I

## વિભાગ - I

**Note :** This section contains five (5) questions based on the following poetry. Each question should be answered in about thirty (30) words and each carries five (5) marks. **(5x5=25 marks)**

**સૂચના :** આ વિભાગમાં પૂછેલા પાંચ (5) પ્રશ્નો નીચે આપેલા કાવ્ય પર આધારિત છે. દરેક પ્રશ્નનો ઉત્તર આશરે ત્રીસ (30) શબ્દોમાં આપવો અને દરેક પ્રશ્નના ગુણ પાંચ (5) છે.

**(5x5=25 ગુણ)**

**નીચેનું કાવ્ય વાચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તર ત્રીસ ત્રીસ શબ્દોમાં આપો.**

<u>**બળતાં પાણી**</u>

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો;

પડે ઓળા પાણી મહિં સરિત હૈયે સળગતી;

ઘણું દાઝે દેહે તપિ તપિ ઉડે બિંદુ જળના,

વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે,

જરી થંભી જૈને ઉછળિ દઈ છોળો તટ પરે,

પહાડોને છાંટી શિતળ કરવાનું નવ બને.

અરે! જે પ્હાડોએ નિજ સહુ નિચોવી અરપિયું

નવાણોમાં તેને સમય પર કૈ બુંદ ન શકે.

કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી

ઉથાપી લોપીને સ્વજન દુ:ખને શાંત કરવું ?

www.examrace.com

નદીને પાસેનાં સળગિ મરતાંને અવગણી,

જવું સિંધુ કેરા અદિઠ વડવાગ્નિ બુઝવવા!

પછી ત્યાંથી કોઈ જળભર ભલે વાદળ બની

વહી આવી આંહી ગિરિદવ શમાવાનું થઈ રહ!

અરે! એ તે ક્યારે ? ભસમ સહુ થૈ જાય પછિથી!

1. 'બળતાં પાણી' શીર્ષકમાં રહેલો વિરોધાભાસ સમજાવો

www.examrace.com

2. 'સરિત હૈયે સળગતી' પાછળ રહેલો ધ્વની સમજાવો

3. નદી શા માટે પહાડોને શીતળ કરવા માગે છે ?

www.examrace.com

**4.** નદીનું લક્ષ્ય શું છે ?

**5.** નદી કેવી રીતે ગિરિદવ શમાવી શકશે ?

www.examrace.com

## SECTION - II

## વિભાગ - II

**Note :** This section contains fifteen (15) questions each to be answered in about thirty (30) words. Each question carries five (5) marks.

**(5x15=75 marks)**

**સૂચના :** આ વિભાગમાં પંદર (15) પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ઉત્તર ત્રીસ (30) શબ્દોમાં આપવો. દરેક પ્રશ્નના ગુણ પાંચ (5) છે. **(5x15=75 ગુણ)**

**નીચે આપેલા દરેક પ્રશ્ન નો ઉત્તર ત્રીસ શબ્દોમાં આપો.**

6. કાવ્યનાં પ્રયોજનોમાંથી મુખ્ય પ્રયોજન તરીકે કોનો સ્વીકાર કરવામાં આવ્યો છે ?

www.examrace.com

7. કૌતુકપ્રિયતાવાદ (રોમેન્ટિસિઝમ)ની મુખ્ય વિશિષ્ટતાઓ જણાવો.

8. વિવેચક તરીકે ચંદ્રકાન્ત ટોપીવાળાનું મૂલ્યાંકન કરો.

www.examrace.com

9. શ્રીમદ્ ભાગવત કેવી રીતે સગુણ ભક્તિપરંપરાને વિકસાવે છે તે સમજાવો.

10. 'ગોદાન' માં પ્રગટ થતી સામાજિક અભિજ્ઞતાની ચર્ચા કરો.

www.examrace.com

11. કથનાત્મક કૃતી તરીકે 'મદનમોહના' ની વિશેષતા સમજાવો.

12. 'છંદોલય'ની એક રચના 'આધુનિક અરણ્ય' માં જોવા મળતી નગરચેતનાનું નિરૂપણ કરો.

www.examrace.com

13. રામનારાયણ પાઠકની 'બુદ્ધિવિજય' વાર્તાનો ધ્વનિ સમજાવો.

14. 'ઓથેલો'ની નાયિકા ડેસ્ડિમોનાની કરુણતા સ્પષ્ટ કરો.

www.examrace.com

15. ટૂંકી વાર્તામાં ઘટનાના સ્થાન વિશે ચર્ચા કરો.

16. લોકગીતના પ્રકારોની સમજૂતી આપો.

www.examrace.com

17. ગુજરાતી ભાષાના વિકાસના અંતિમ તબક્કાની સમીક્ષા કરો.

18. મધ્યકાલીન કૃતિઓના પાઠનિર્ણયની સમસ્યાઓ ચર્ચો.

www.examrace.com

19. તુલનાત્મક સાહિત્ય એટલે શું તે સમજાવો.

20. પ્રાન્તીય સાહિત્યના વિશિષ્ટ પ્રશ્નો ચર્ચો.

www.examrace.com

## SECTION - III

## વિભાગ - III

**Note :** This section contains five (5) questions from each of the electives / specialisations. The candidate has to choose <u>only one</u> elective / specialisation and answer all the five questions from it. Each question carries twelve (12) marks and is to be answered in about two hundred (200) words.

**(12x5=60 marks)**

**સૂચના :** આ વિભાગમાં પાંચ (5) પ્રશ્નો દરેક વિકલ્પમાંથી આપવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ કોઇ પણ એક વિકલ્પ પસંદ કરીને તેમાં પૂછવામાં આવેલા પાંચેપાંચ પ્રશ્નોના ઉત્તરો આપવા. દરેક પ્રશ્નના ગુણ બાર (12) છે અને દરેક પ્રશ્નનો ઉત્તર આશરે બસો (200) શબ્દોમાં આપવો.

**(12x5=60 ગુણ)**

### વિકલ્પ - 1

**21.** પ્રેમાનંદ 'નળાખ્યાન' માં પાત્રાલેખન કળા કઈ રીતે પ્રગટાવે છે તે સમજાવો

**22.** લોકકથાનાં લક્ષણોને પરિચય કરાવો.

**23.** મધ્યકાલીન કૃતિઓની વાચના કેવી રિતે તૈયાર કરવામાં આવે છે તે સમજાવો

**24.** 'અનુભવબિંદુ' માં જ્ઞાનમાર્ગી ધારાની લાક્ષણિકતાઓ કઈ રીતે પ્રકટે છે તેની સમીક્ષા કરો.

**25.** ગુજરાતી ભાષાના વિકાસનો પહેલો તબક્કો આલેખો.

**અથવા**

### વિકલ્પ - 2

**21.** ભરતના રસસૂત્રની ચર્ચા વિગતે કરો.

**22.** રમણીયતાની વિભાવનાની આલોચના કરો.

**23.** ઉદાત્તતાનાં ઉદ્‌ભવસ્થાનો ની સમીક્ષા કરો.

**24.** પ્રતીકવાદનાં મુખ્ય ગૃહીતો ચર્ચો.

**25.** આધુનિકતા વાદના ઉદ્‌ભવ પાછળ રહેલાં પરિબળો આલેખો.

**અથવા**

www.examrace.com

## વિકલ્પ - 3

21. 'મેઘદૂત'માં કાલિદાસ પ્રકૃતિનું આલેખન કેવી રીતે કરે છે તેની સમીક્ષા કરો.

22. 'યયાતિ' નિમિત્તે આધુનિક માનવીની સંવેદના કેવી રીતે નિરૂપાઈ છે તે સમજાવો.

23. ભારતીય મહાકાવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

24. 'ગોરા' નિમિત્તે ભારતીયતાની શોધ કેવી રીતે કરવામાં આવી છે ?

25. 'આરણ્યક' ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો.

**અથવા**

## વિકલ્પ - 4

21. 'વેઈટિંગ ફોર ગોદો' માં અસંગતિનું આલેખન કેવી રીતે કરવામાં આવ્યું છે ?

22. પ્રાંતીય સાહિત્યની સમસ્યાઓ નિરૂપો.

23. 'માદામ બોવારી' ની નાયિકાના વ્યક્તિત્વનો પરિચય આપો.

24. 'ધ કાસલ' ના નાયકની સમસ્યા આલેખો.

25. 'ડુઈનો એલેજી' માંથી પ્રગટતા કરુણપ્રશસ્તિ સ્વરૂપની ચર્ચા કરો.

**અથવા**

## વિકલ્પ - 5

21. 'છંદોલય' માં પ્રગટેલાં આધુનિક ગુજરાતી કવિતાનાં લક્ષણો દર્શાવો.

22. પ્રયોગશીલ નવલકથા તરીકે 'કામિની' નું મૂલ્યાંકન કરો.

23. 'સોરઠ તારાં વહેતાં પાણી' માં નિરૂપાયેલ પ્રદેશવિશેષ સ્પષ્ટ કરો.

24. 'આંગળિયાત' દ્વારા દલિત સમાજની વેદના કેવી રીતે આકારિત થાય છે તે સમજાવો.

25. 'પેરેલિસિસ' ના નાયકનું ચરિત્રચિત્રણ કરો.

www.examrace.com

## SECTION - IV

## વિભાગ - IV

**Note :** This section consists of one essay type question of forty (40) marks to be answered in about one thousand (1000) words on any of the following topics. This question carries 40 marks.

**(40x1=40 marks)**

**સૂચના :** આ વિભાગમાં (40) ગુણવાળો એક નિબંધ પ્રકારનો પ્રશ્ન છે, નીચે આપેલા કોઇ પણ એક વિશે આશરે એક હજાર (1000) શબ્દોમાં ઉત્તર આપનો.

**(40x1=40 ગુણ)**

**નીચે આપેલા વિષય પર આશરે 1000 શબ્દોમાં નિબંધ લખો.**

**26.** આધુનિક ગુજરાતી સાહિત્યના પ્રશ્નો

**અથવા**

ભારતીય સાહિત્યની વિશિષ્ટતાઓ

**અથવા**

ધર્મ, નીતી અને સમાજના પરસ્પર સંબંધો

www.examrace.com